ગેસ એજન્સી તરફથી જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને યુદ્ધના કારણે ગેસ સપ્લાય પર અસર પડી

## શિનોર તાલુકાના સાધલી ગામે ગેસ સિલિન્ડર લેવા ભારે ભીડ

**ઓનલાઈન** બુકિંગ બંધ થતાં ગ્રાહકોમાં રોષ

(પ્રતિનિધિ) શિનોર, તા.13
વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામમાં ઘરેલુ ગેસ સિલિન્ડર લેવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ગેસ સિલિન્ડરના ભાવોમાં વધારો થયો હોવાની ચર્ચા વચ્ચે સાધલી સ્થિત ઈન્ડિયન ગેસ એજન્સી પર અચાનક ઓનલાઈન બુકિંગ બંધ થતાં ગ્રાહકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. ગેસ સિલિન્ડર મેળવવા માટે સવારથી જ મોટી સંખ્યામાં લોકો એજન્સી પર પહોંચ્યા હતા. મહિલાઓ અને વડીલો સહિત અનેક ગ્રાહકો લાંબી કતારમાં ઉભા રહેવા મજબૂર બન્યા હતા. ગ્રાહકોનું કહેવું છે કે ઓનલાઈન બુકિંગ બંધ થતા તેમને ગેસ માટે વારંવાર એજન્સી સુધી ધક્કા ખાવા પડે છે, જેના કારણે ભારે મુશ્કેલી



ઉભી થઈ રહી છે.
આ મામલે ગેસ એજન્સી તરફથી જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને યુદ્ધના કારણે ગેસ સપ્લાય પર અસર પડી છે. જેના કારણે ઉપરથી ઓનલાઈન બુકિંગ સિસ્ટમ થોડા સમય માટે બંધ રાખવામાં આવી છે. સપ્લાય નિયમિત બન્યા બાદ ફરીથી બુકિંગ શરૂ કરવામાં આવશે તેવી માહિતી પણ આપવામાં આવી હતી. સ્થાનિક લોકોએ તંત્રને માંગ કરી છે કે ગેસ જેવી આવશ્યક સેવાઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને લોકોને સમયસર ગેસ સિલિન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવે.

નસવાડી બોડેલી રોડ ઉપર આવેલ ખોડીયા ગામે રહેતા વરીયા જ્ઞાતિના લોકો નારાજ

## માટલા બનાવવાનો ધંધો કરતા પરિવારોને તંત્રે કોઈ સહાય ના આપતા જીવન નિર્વાહ ચલાવવું મુશ્કેલ

**માટલા** બનાવવા માટેના માંચડાની કીટ પણ આપવામાં આવેલી નથી

(પ્રતિનિધિ) નસવાડી, તા.13
નસવાડી બોડેલી રોડ ઉપર આવેલ ખોડીયા ગામે રહેતા વરીયા જ્ઞાતિ ના લોકો રહે છે. માટલા બનાવી ને જીવન નિર્વાહ ચલાવે છે જ્યારે ફ્રીઝ નું પાણી જે રીતના ઠંડુ કરે છે તે રીતના ખોડીયા ગામના લાલ કલર ના માટલા માં પાણી ઠંડુ થાય છે. જ્યારે પ્રવિણભાઇ સોમાભાઈ વરીયા ના જણાવ્યા મુજબ અમને સરકાર કોઈ સહાય



કરતી નથી.
ઉદ્યોગપતિઓને વીજળી મફત માં આપવામાં આવે છે, ખેડૂતો ને કિસાન નિધી યોજનાં માં બે હજાર રૂપિયા આપવામાં આવે છે. જ્યારે અમે નાના ઉધ્યોગ તરીકે છેલ્લા 30 વર્ષ થી માટલા બનાવી છે. પરંતુ સરકાર ના કોઈપણ યોજનાનો લાભ આજદિન સુધી અમને મળ્યો નથી. દિવસે દિવસે માટલા બનાવવા માટે ની માટી મફત માં મળતી હતી તે પણ બંધ થઈ ગઈ છે. નવા નવા કાયદા થી માટી સરકારી જમીન માંથી ઉઠાવીએ તો કાયદો લાગે છે જ્યારે માટલા પકવવા માટે લાકડા પણ મોંઘા થઈ ગયા છે.
જ્યારે માટલા ના ભાવો છેલ્લા પાંચ વર્ષ થી વધતા નથી આખી જિંદગી માટલા બનાવી ને વિતાવી નાખી ત્યારે સરકારે એમને કોઈ પણ પ્રકાર ની મદદ ના કરી હાલ જીવન નિર્વાહ ચલાવવું ઘણું કઠિન છે. મોઘવારી દિવસે દિવસે વધી રહી છે જ્યારે સરકાર અમારા જેવા નાના કારીગરો માટે વિચારવું જોઈએ અને રોકડ માં અમને સહાય અથવા તો માટલા બનાવવા માટે આધુનિક સાધનો ની કીટ આપવી જોઈએ.

તરસાણા ગામ નજીક ખેતરના સેઢા પાસે 30-35 વર્ષની મહિલાનો મૃતદેહ મળ્યો

## ડભોઈ નજીક ખેતરમાં અજાણી મહિલાનું શંકાસ્પદ મોત, વિસ્તારમાં કુતૂહલ સર્જાયુ

**ગરમીથી** મોતની સંભાવના, ઓળખ માટે પોલીસે શરૂ કરી તપાસ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.13
ડભોઈ તાલુકાના તરસાણા ગામ નજીક ડભોઈ-વાઘોડિયા માર્ગ પર જે.ડી. રેસીડન્સી પાસે ખેતરમાંથી એક અજાણી મહિલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી મૃતદેહ કબજે લઈ તપાસ શરૂ કરી છે.



માહિતી મુજબ તરસાણા ગામ નજીક જમાલ જંબુસરીયાના ખેતરના સેઢા પાસે અંદાજે 30 થી 35 વર્ષની મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ હાલ રાજ્યમાં વધતી ગરમીને ધ્યાનમાં લેતા મહિલાનું મોત ગરમીના કારણે થયું હોવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, પોલીસ તમામ દિશામાં તપાસ કરી રહી છે.
મૃતક મહિલા કોણ છે, તે ક્યાંથી આવી હતી અને ક્યાં જઈ રહી હતી તે અંગે હાલ કોઈ માહિતી સામે આવી નથી. ડભોઈ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને પી.એમ. રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે.
પોલીસ દ્વારા મહિલાની ઓળખ માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. આ બનાવને લઈને ડભોઈ તાલુકામાં લોકોમાં કુતૂહલ પેદા થયું છે અને હવે સમગ્ર મામલે પોલીસ તપાસ પર સૌની નજર છે.

LCB ની પેટ્રોલિંગ દરમિયાન કાર્યવાહી

## પાદરા પાસે ચોરીની મેસ્ટ્રો સ્કૂટર સાથે યુવક ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.13
પાદરા તાલુકાના સોખડાખુર્દ ગામ નજીક વડોદરા ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે પેટ્રોલિંગ દરમિયાન ચોરીની મેસ્ટ્રો સ્કૂટર સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી સ્કૂટર અને મોબાઈલ સહિત કુલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.
માહિતી મુજબ વડોદરા ગ્રામ્ય એલ.સી.બી. સ્ટાફના મુકેશભાઈ પાંચાચાઈ, અશોકભાઈ કાનાભાઈ તથા સ્ટાફ વડોદરા ગ્રામ્ય જિલ્લામાં બનતા વાહન ચોરીના બનાવોને અટકાવવા તેમજ અગાઉ થયેલ ગુનાઓ શોધવા માટે પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન સોખડાખુર્દ ગામે ત્રણ રસ્તા પાસે પહોંચતા પોલીસને



બાતમીદાર મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે એક ઈસમ ચોરીની હીરો મેસ્ટ્રો સ્કૂટર લઈને સોખડાખુર્દ તરફ આવી રહ્યો છે.
બાતમીના આધારે પોલીસે નજર રાખતા વર્ણન મુજબનો એક ઈસમ હીરો મેસ્ટ્રો સ્કુટર સાથે આવતા તેને રોકી તપાસ કરતા તેનું નામ અરૂણકુમાર કેસ્ટુભાઈ વસાવા (ઉ.વ.૨૫), રહે. સોખડાખુર્દ કોઠી ફળીયું, તા.પાદરા હોવાનું બહાર આવ્યું હતું.

વૃક્ષોના લાકડા કાપીને કોન્ટ્રાક્ટરે વનવિભાગને સોંપ્યા હતા

## વનવિભાગે 3600 વૃક્ષોની હરાજી માટે અપસેટ વેલ્યુ નક્કી કરી નથી

**હરાજીના** થાય તો 50 લાખ થી વધુ ના વૃક્ષો હેરણ નદી માં પાણી તણાતા લાખોના નુકશાનની ભીતી

(પ્રતિનિધિ) નસવાડી, તા.13
નસવાડી તાલુકાના ધામસિયા થી ખોડીયા ગામ સુધી 3600 વૃક્ષો ના લાકડા કાપીને નેશનલ હાઈવે 56 ના કોન્ટ્રાક્ટરે વનવિભાગ ને સોંપ્યા હતા. જ્યારે વનવિભાગે આ વૃક્ષો કુંડીયા બ્રિજ ની નજીક નદી ના કિનારે ઢગલો માર્યો છે જે જગ્યા ઉપર વૃક્ષો ના લાકડા નો ઢગલો મારવામાં આવ્યો છે



ત્યાં હેરણ નદી ના પાણી આવી જાય છે.
નસવાડી બોડેલી રોડ ઉપર નસવાડી તાલુકાના ધામસિયા થી ખોડીયા ગામ સુધી 3600 વૃક્ષો કાપીને નેશનલ હાઈવે 56 ના કોન્ટ્રાક્ટરે વનવિભાગ ને લાખો રૂપિયા ના વૃક્ષો ના લાકડા કાપીને વનવિભાગ ને સોંપી દીધા છે વનવિભાગે આ વૃક્ષો કુંડીયા બ્રિજ ની નજીક નદી ના કિનારે ઢગલો માર્યો છે પરંતુ ચોમાસા ને ગણતરી ના મહિનાઓ બાકી રહ્યા છે જ્યારે વનવિભાગે હજુ સુધી આ વૃક્ષો ની હરાજી માટે અપસેટ વેલ્યુ નક્કી કરી નથી હરાજી માટે કોઈ કાર્યવાહી કરી નથી ત્યારે ચોમાસા પહેલા આ વૃક્ષો ની હરાજી ના થાય તો 50 લાખ થી વધુ ના વૃક્ષો હેરણ નદી માં પાણી આવે તો તણાઈ જાય અને સરકાર ને લાખો રૂપિયા નુ નુકશાન થાય બીજી તરફ વનવિભાગ ના અધિકારીઓ આ વૃક્ષો નદી ના કિનારે ઢગલો મારતા પહેલા સ્થળ સ્થિતિ નુ નિરીક્ષણ ના કર્યું અને લાખો રૂપિયા ના વૃક્ષો નદી કિનારે ઢગલો મારી ને સરકાર ના નાણાં તણાઈ જાય તેવી રીતના કામગીરી કરી છે.

## મંદવાડા પીએસસી ખાતે 14 વર્ષની બાલિકાઓને HPV વેકસિન અપાઈ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.13
છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મંદવાડા ગામ સ્થિત પીએસસી ખાતે આજ રોજ 14 વર્ષની બાલિકાઓને ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ મેળવવા માટે Human Papillomavirus (HPV) વેકસિન આપવામાં આવી હતી.
આ કાર્યક્રમ હેઠળ ડો. હિતેષભાઈ રાઠવાના માર્ગદર્શન હેઠળ બાલિકાઓને વેકસિન આપવામાં આવી તેમજ ગર્ભાશયના કેન્સર અંગે જાગૃતિ પણ ફેલાવવામાં આવી. આ વેકસિન દ્વારા ભવિષ્યમાં Cervical Cancer જેવી ગંભીર બીમારી સામે સુરક્ષા મળે છે.
આરોગ્ય વિભાગ દ્વારા બાલિકાઓના સ્વાસ્થ્ય માટે આ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આ પ્રસંગે મિલનભાઈ , રાઠવા જીતેશભાઈ, ડોક્ટરો તેમજ દવાખાનાનું સ્ટાફ, નર્સ બહેનો અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શાકભાજીની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ:

## બોડેલી પોલીસે રૂ. 42.83 લાખના દારૂ સાથે મુદ્દામાલ પકડી પાડ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.13
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી શાકભાજીની આડમાં લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે કુલ રૂ. 42,83,460 નો મુદ્દામાલ કબજે કર્યો છે.
બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી તથા સર્વેલન્સ સ્ટાફે મેરીયા પુલ પાસે નાકાબંધી કરી હતી. આ દરમિયાન મધ્યપ્રદેશથી વડોદરા તરફ જઈ રહેલી સફેદ રંગની ટાટા અલ્ટ્રા ટ્રક (નં. HP-93-A-8193)ને અટકાવી તપાસ કરતા શાકભાજીના જથ્થા



વચ્ચે છુપાવવામાં આવેલ ખાખી રંગના 239 બોક્સમાંથી જુદી-જુદી બ્રાન્ડની નાની-મોટી કાચની બોટલો અને ટીન બીયર મળી આવી હતી.
પોલીસે કુલ 6,388 બોટલો ભારતીય બનાવટના વિદેશી દારૂની કિંમત રૂ. 17,13,960, ડ્રાઈવર પાસેથી રૂ. 42,500 રોકડા, બે મોબાઈલ ફોન રૂ. 5,000, ટ્રક કિંમત રૂ. 25,00,000 તેમજ બગડેલા પત્તા કોબી અંદાજિત રૂ. 22,000 સહિત કુલ રૂ. 42,83,460 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કડીના ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી ફતેહગંજ પોલીસના હાથે ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરા શહેરના મે. પોલીસ કમિશ્નર નરસિંહા કોમાર તથા ઝોન-૧ના નાયબ પોલીસ કમિશ્નર જે.એમ. ચાવડા અને "એ" ડિવિઝનના ડી.જે. ચાવડાના માર્ગદર્શન હેઠળ ફતેહગંજ પોલીસ દ્વારા વોન્ટેડ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ગઢવીના માર્ગદર્શન મુજબ શહેર અને આજુબાજુના જિલ્લાઓમાં ઘરફોડ ચોરીના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા કામગીરી હાથ ધરવામાં આવી છે. તા. 12 માર્ચના રોજ ફતેહગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પંડ્યા બ્રિજ પાસે સ્ટાફને બાતમી મળી હતી કે તારાસિંગ કલ્લુસિંગ બાવરી (રહે. આજવા રોડ, સયાજીપુરા) તાજેતરમાં વડોદરા સેન્ટ્રલ જેલમાંથી મુક્ત થયો છે.

પ્રાણી જીવરક્ષક સંસ્થા અને વન વિભાગે સુરક્ષિત રીતે પકડી લીધો

## પાદરાના ઘાયજ ગામમાં મગર દેખાતા ખળભળાટ

**મગરને** કોઈને નુકસાન પહોંચાડ્યા વગર કાબૂમાં લેવામાં આવ્યો



(પ્રતિનિધિ) પાદરા, તા.13
પાદરા તાલુકાના ઘાયજ ગામમાં આજે અચાનક મગર દેખાતા ગ્રામજનોમાં ભારે ભય અને ખળભળાટ ફેલાયો હતો. માનવ વસાહત નજીક મગર દેખાતા સ્થાનિક લોકો દ્વારા તરત જ પ્રાણી જીવરક્ષક સંસ્થાના હેલ્પલાઈન નંબર પર જાણ કરવામાં આવી હતી.
માહિતી મળતાં જ પ્રાણી જીવરક્ષક સંસ્થાની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને પાદરા વન વિભાગને જાણ કરવામાં આવી. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ વન વિભાગની ટીમ પણ તુરંત સ્થળ પર પહોંચી હતી. બંને ટીમોએ સંકલિત કામગીરી હાથ ધરી મગરને સલામત રીતે પકડી પાડવા માટે ખાસ ઓપરેશન હાથ ધર્યું હતું. થોડા સમયની જહેમત બાદ મગરને કોઈને નુકસાન પહોંચાડ્યા વગર કાબૂમાં લેવામાં આવ્યો હતો. ત્યારબાદ મગરને વન વિભાગના અધિકારીઓને સુપ્રત કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને યોગ્ય પ્રાકૃતિક નિવાસ સ્થાને છોડવાની કાર્યવાહી હાથ ધરાશે. આ દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત વડોદરા જિલ્લા સમાજ સુરક્ષા દ્વારા

## દિવ્યાંગજનોને સશક્ત બનાવવા માટે મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેરનું વિતરણ

(પ્રતિનિધિ) પાદરા, તા.13
દિવ્યાંગજનોના ચહેરા પર ખુશી લાવવી એથી મોટી ખુશી સરકાર માટે બીજી શું હોઈ શકે. આજ રોજ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી પધ્યુમન વાજા અને રાજ્યકક્ષા મંત્રી ડૉ. મનીષાબહેન વકીલના હસ્તે મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેર આપવાની યોજનાનો રાજ્યસ્તરીય પ્રારંભ કરવામાં આવ્યો હતો.
આ યોજનાના અંતર્ગત રાજ્યના 34 જિલ્લાઓના કુલ 4000 દિવ્યાંગજનોને પ્રથમ વખત મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા 1676



દિવ્યાંગજનોને જોયસ્ટિક વ્હીલચેર આપવામાં આવી હતી. આમ કુલ 5676 લાભાર્થીઓને અંદાજે 36.7 કરોડના સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.
વડોદરા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ભગીરથસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે દિવ્યાંગજનોને રોજિંદી મુસાફરી તેમજ કાર્યસ્થળે જવા-આવવામાં પડતી તકલીફોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે. અગાઉ હાથથી ચલાવવાના સાધનોના કારણે પડતી મુશ્કેલીઓમાંથી હવે દિવ્યાંગજનોને મોટી રાહત મળશે.
આ યોજના અંતર્ગત વડોદરા જિલ્લા સમાજ સુરક્ષા સંકુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વડોદરા જિલ્લાના દિવ્યાંગજનોને બેટરીવાળી 33 મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા 33 જોયસ્ટિક વ્હીલચેર વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી હતી.

છોટાઉદેપુરની 'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ' ખાતે દિવ્યાંગોને લાભ અપાયો

## દિવ્યાંગ લાભાર્થીઓને 5 મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને 2 જોયસ્ટીક વ્હીલચેરનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.13
ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામક સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા દિવ્યાંગોના સશક્તિકરણ માટે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યો છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ની નવી શરૂ કરાયેલ યોજના અંતર્ગત, આજે છોટાઉદેપુર જિલ્લામાં 'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ' ખાતે દિવ્યાંગ લાભાર્થીઓને આધુનિક મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને જોયસ્ટીક વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું.
મુખ્યમંત્રી દ્વારા આજે ગાંધીનગર ખાતેથી સમગ્ર રાજ્યમાં આ યોજનાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. જેનાં ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લા કક્ષામાં આયોજિત કાર્યક્રમમાં જિલ્લાના



દિવ્યાંગોને સાધન સહાય પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે કુલ ૦૫ લાભાર્થીઓને મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને ૦૨ લાભાર્થીઓને જોયસ્ટીક વ્હીલચેર એનાયત કરવામાં આવી હતી.
સમાજ સુરક્ષા વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી દિવ્યાંગો હવે અન્ય પર નિર્ભર રહેવાને બદલે પોતે જ સ્વતંત્ર રીતે હરી-ફરી શકશે. આ આધુનિક સાધનોના ઉપયોગથી તેમના રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓ હળવી થશે અને સમાજમાં તેઓ ગૌરવભેર પુન:સ્થાપિત થઈ શકશે.

## કરજણ પોલીસે રૂ. 4.45 કરોડથી વધુના વિદેશી દારૂનો નાશ કર્યો

**કરજણ** પોલીસ સ્ટેશનના કુલ 18 ગુનાઓમાં કબ્જે કરાયેલ

(પ્રતિનિધિ) કરજણ, તા.13
વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા કરજણ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં અલગ-અલગ ગુનાઓમાં પકડાયેલા વિદેશી દારૂના રૂ. 4.45 કરોડના જથ્થા નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ તથા વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડાયેલા વિદેશી દારૂનો મુદ્દામાલ કાયદેસર પ્રક્રિયા પૂર્ણ કરી સમયમર્યાદામાં નાશ કરવા સૂચના આપવામાં આવી હતી. તે મુજબ કરજણ ડિવિઝનના



નાયબ પોલીસ અધિક્ષક પી.એન. પટેલએ જરૂરી સૂચનાઓ આપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સૂચનાઓના આધારે કરજણ પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. પટેલ સહિતની ટીમ અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટની અધ્યક્ષતામાં વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી અંતર્ગત કરજણ પોલીસ સ્ટેશનના કુલ 18 ગુનાઓમાં કબ્જે કરાયેલ રૂ.4.45કરોડના મુદ્દામાલ બામણગામ ગામ ખાતે આવેલી મોર્ડન પેટ્રોફીલ્સ કંપનીની ખુલ્લી જગ્યામાં પંચો અને કમિટી સભ્યોની હાજરીમાં રોલર ફેરવી નષ્ટ કરવામાં આવ્યો હતો. દારૂ નાશ કરવાની આ કાર્યવાહી દરમિયાન સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શિવમ બારીયા, નાયબ પોલીસ અધિક્ષક પી.એન. પટેલ (કરજણ ડિવિઝન), ઈન્સ્પેક્ટર નશાબંધી અને આબકારી વડોદરા વિભાગ, તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. પટેલ (કરજણ પોલીસ સ્ટેશન) સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.